**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૦.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૭ ટકા ● સાંજે ૯૭ ટકા

# કૃષિભવનના પ્રવેશદ્વારે વરસાદી પાણીનું તળાવ સર્જાતા હાલાકી




## વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થાની પોલ ખોલતા પાણીના ભરાવાને કારણે મુલાકાતીઓ ત્રસ્ત

ગાંધીનગર, તા.૨૬
છેલ્લા સપ્તાહમાં સતત વરસાદે ગાંધીનગરને ઘમરોળી નાંખ્યુ છે અને આ સપ્તાહમાં પણ મેઘમહેર ચાલુ રહી છે. આ સ્થિતિમાં શહેરના અનેક ઠેકાણે પાણીના ભરાવાની સમસ્યા સર્જાઈ છે. શહેરના સેક્ટર-૧૦ ખાતે કૃષિભવન ખાતે પ્રવેશદ્વારે જ એટલું મોટું પાણીનું તળાવ ભરાય છે કે જેના કારણે ભવનમાં કાર્યરત કચેરીઓના કર્મચારીઓ તથા મુલાકાતીઓને પગપાળા સંકુલમાં પ્રવેશ કરવો ખૂબ જ અઘરો થઈ જવા પામ્યો છે.
કૃષિભવન ખાતે રાજયના કૃષિ વિભાગ અંતર્ગત કાર્યરત વિવિધ કચેરીઓ કાર્યરત છે જેથી અહીં મોટી સંખ્યામાં કર્મચારીઓ કાર્યરત છે. વળી, રાજયની મહત્વની કચેરીઓ કાર્યરત હોવાથી અત્રે ગ્રામીણ વિસ્તારોના મુલાકાતીઓની સંખ્યા પણ ખૂબ વધુ રહે છે જેઓ મોટે ભાગે એસટી બસ સેવા જેવા વાહનોમાં બેસીને પોતાના કામ અર્થે આવે છે. જો કે આ ભવન સંકુલમાં દિવસ દરમિયાન આવતા મુલાકાતીઓને ખાસ કરીને ફોર વ્હિલર ચાલકોને તેમના વાહન બહાર પાર્ક કરવા પડે છે કેમ કે સંકુલની અંદર અધિકારીઓ-કર્મચારીઓના વાહનોથી જ પાર્કિંગ ભરાઈ જાય છે. આ સ્થિતિમાં મુલાકાતીઓને ચાલીને સંકુલમાં પ્રવેશ મેળવવાનો હોય છે પરંતુ મુખ્ય પ્રવેશદ્વારે એટલું પાણી ભરાય છે કે ઢીંચણથી નીચેના પગનો અડધો ભાગ પાણીમાં રહે તેવી હાલત સર્જાય છે તેથી અંદર પ્રવેશવું મુશ્કેલ બની જાય છે. વળી, આ દૂષિત પાણીના ભરાવાનો લઈ જીવજંતુઓનો ઉપદ્રવ પણ વધી રહ્યો છે. આવી કપરી સ્થિતિ પાટનગરમાં એકથી વધુ સરકારી ભવનો ખાતે સર્જાઈ છે ત્યારે વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા અંગે સવાલ ખડાં થઈ રહ્યા છે.

# કુડાસણ પાર્લર પાસે યુવક પર ત્રણ શખ્સો દ્વારા હુમલો

કુડાસણ શાહપુર ચોકડી નજીક પાર્લર પાસે યુવક પર ત્રણ શખ્સોએ હુમલો કરી ઈજા પહોંચાડી છે. આ હુમલામાં યુવકને માથાના ભાગે તેમજ પગે ફ્રેકચર થયુ હોવાથી બનાવ અંગે યુવકે પોલીસ ફરીયાદ નોંધાતા પોલીસે તપાસ શરુ કરી છે.
મળતી વિગત મુજબ કુડાસણ ખાતે રહેતા જગદીશ બળદેવજી ઠાકોર (ઉં.૩૦) રાત્રે ૧૨ વાગ્યાના અરસામાં તે પોતાના ઘરે સુઈ રહ્યા હતા. તે સમયે તેમના ભાણેજના મિત્ર રાફેલનો ફોન આવ્યો હતો. જેથી ફરીયાદી રાત્રીના સમયે મિત્રો સાથે ચા પીવા માટે શાહપુર ચોકડી પાસે પાર્લર ખાતે ગયો હતો. આ સમયે રાત્રીના પોણા એક વાગેના અરસામાં સફેદ કલરની વર્ના કાર આવી હતી. આ કારમાંથી કેતનસિંહ અને દિપકસિંહ ગોહિલ નીચે ઉતર્યા હતા. તેમણે જગદીશ તું દાદા થઈ ગયો લાગે છે કેમ બધાને ગાળો બોલે છે કહી માથાકુટ કરી હતી. બીજી તરફ સાથે આવેલા રાફેલ નામના શખ્સે જગદીશના માથાના ભાગે ધોકો અને કેતનસિંહે જેકના સળીયાથી તેમજ દિપકસિંહે ગડદા-પાટુનો માર માર્યો હતો. જયારે નાગરીકો વચ્ચે પડતા યુવકને વધુ મારમાંથી બચાવ્યો હતો. જયારે ત્રણેય શખ્સોએ જગદીશને ફરી સામે આવીશ તો જાનથી મારી નાંખીશુ તેવી ધમકી આપી જતા રહ્યા હતા. ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલીક ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયો હતો. જયાં યુવકને માથાના ભાગે ત્રણ ટાંકા તેમજ પગે ફ્રેકચર થયુ હોવાનું નિદાન થયુ હતું. બનાવ અંગે જગદીશે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## અમિયાપુર ગામેથી વરલી મટકાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૬
અમીયાપુર ગામે મોટા ઠાકોર વાસ ખાતે વરલી મટકાનો જુગાર રમાડતા શખ્સને એલસીબી પોલીસે દબોચી લીધો છે. પોલીસે શખ્સનું નામ પુછતા લક્ષ્મણજી રાજાજી ઠાકોર (ઉં.૬૫) હોવાનું સામે આવ્યું હતું. પોલીસને શખ્સ પાસેથી વરલી મટકાનું સાહિત્ય તેમજ રોકડા રૂ.૬૬૦૦ મળી આવ્યા હતા. જેને પગલે એલસીબી પોલીસે આરોપી સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



તાજેતરમાં રાષ્ટ્રવ્યાપી સ્વચ્છતા સર્વેક્ષણ અંતર્ગત ગાંધીનગરને બેસ્ટ ઈનોવેટીવ પ્રેકટીસ માટેના પાટનગરનો એવોર્ડ પ્રાપ્ત થયો છે. ગાંધીનગર મહાનગરપાલિકામાં હવે સ્થાન પામેલા વિસ્તારોમાં સ્વચ્છતા જાળવણી મનપાના સફાઈ તંત્ર માટે એક પડકાર બની રહેશે. મનપામાં સ્થાન પામલા વિસ્તારોમાં જેની સૌથી પહેલા મુલાકાત લીધી હતી તેવા વાવોલમાં દરગાહ પાસે ખડકાયેલાં કચરાના ઢગને કારણે આ વિસ્તારના રહીશો ત્રાહિમામ પોકારી ગયા છે અને વરસાદી ઋતુમાં આ ગંદકીમાં માખી મચ્છર જેવા રોગજન્ય જીવજંતુઓનો ઉપદ્રવ પણ વધી રહ્યો છે તેથી સત્વરે કાર્યવાહી થાય તે જરુરી બન્યું છે. આ સાથે નજીકના રેલવે ફાટક પાસે પડેલો મોટો ખાડો પણ વાહનચાલકો સહિત રાહદારીઓ માટે જોખમરૂપ બન્યો છે.

# ઇફ્કો અને એચ.પી.સી.એલ.ના પ્લાન્ટ ખાતે મોકડ્રીલ યોજાઇ



ગાંધીનગર, તા.૨૬
ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી, ગાંધીનગર દ્વારા આજ રોજ ગાંધીનગર જિલ્લાનાં કલોલ તાલુકામાં આવેલા **IFFCO** અને ગાંધીનગર તાલુકાના સરઢવ ગામ ખાતે આવેલી **HPCL**નાં **LPG** બોટલિંગ કારખાનામાં મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું.
જેમાં ઈફકો ખાતે એમોનિયા ગેસ લિકેજની મોકડ્રીલ યોજાઇ હતી. જેમાં ઈફકો ખાતે ૫૦૦૦ m3 કેપીસિટીની એમોનિયા સ્ટોરેજ ટેંકમાંથી એમોનિયા ગેસને ટ્રાન્સફર કરતી પાઈપ લાઈન સાથે કનેક્ટેડ પ્રેશરગેજનાં જોઈન્ટમાંથી અચાનક એમોનિયા ગેસનું લિકેજ શરૂ થયું હતું. ઓપરેટરના ધ્યાનમાં આવતાં તુરંતજ ઈન્ટર્નલ કોમ્યુનિકેશન સિસ્ટમ મારફત કારખાનાનાં કંટ્રોલરૂમમાં તેની જાણ કરવામાં આવી હતી. તે સાથે જ કારખાનામાં તૈયાર કરેલ ઓન-સાઈટ ઈમરજન્સી એક્શન પ્લાન એક્ટિવેટ કરવામાં આવ્યું હતું. તેનાં પ્રોટોકોલ મુજબ વોટર સ્પ્રિંકલર સિસ્ટમ તથા હાઈડ્રન્ટ સિસ્ટમ ચાલુ કરીને અંતે આ લિકેજને કાબૂમાં લેવાનો સિનારિયો ભજવવામાં આવ્યો હતો.
તદ ઉપરાંત ગાંધીનગર તાલુકાના સરઢવ ગામ ખાતે આવેલા **HPCL** નાં **LPG** બોટલિંગ પ્લાન્ટમાં મોકડ્રીલ યોજાઇ હતી. જેમાં કારખાનામાં **LPG** ગેસ ફીલિંગ એન્ટ્રી-બે નંબર-૪માં ઉભેલ રોડ ટેક્રરમાં ગેસને ટ્રાન્સફર કરતા સમયે ઓપરેટરનાં હાથમાંથી સ્પેનર નીચે રોડ પર પડતાં તેમાંથી સ્પાર્ક ઉત્પન્ન થતાં ટેક્રરની **LPG** ટ્રાન્સફર લાઈનમાં આગ લાગી હતી. જે અંગે ઓપરેટર દ્વારા તુરંત કારખાનાનાં કંટ્રોલ રૂમમાં જાણ કરવામાં આવી હતી. જાણ થતાંની સાથે જ કારખાનાનો ઓન-સાઈટ ઈમરજન્સી પ્લાન એકટીવેટ કરવામાં આવ્યો હતો. ફાયરસ્યુટ પહેરીને સેફટી ઓફિસરની ટીમ દ્વારા અગ્નિશામકો તથા ફાયર હાઈડ્રન્ટ સિસ્ટમનો ઉપયોગ કરીને આગને કાબુમાં લીધેલ હોવાનો સિનારિયો ભજવવામાં આવ્યો હતો.
આ બંને મોકડ્રીલ પૂર્ણ કર્યા બાદ ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરીના નાયબ નિયામક શ્રી એચ.એસ. પટેલે કારખાનામાં મોકડ્રીલમાં ભાગ લીધેલ શ્રમિકોને મોકડ્રીલનું મહત્વ તથા તેમાં તેઓની ઈમરજન્સીમાં બજાવવાની ભૂમિકા અંગે તેમજ સાથે-સાથે પ્રવર્તમાન **COVID-19** ની મહામારીના સંજોગોમાં સરકારશ્રીની જાહેર કરાયેલ માર્ગદર્શિકાઓ મુજબ સોશિયલ ડિસ્ટન્સીન્ગ સાથે કેવીરીતે સુરક્ષિત રીતે કામ કરવું જરૂરી છે, તેનું માર્ગદર્શન આપ્યું હતું.

# ઘડીકમાં ઝાપટું તો ઘડીકમાં ઉઘાડની સંતાકુકડી અનુભવાઈ

**છેલ્લાં ત્રણેક દિવસથી સતત વરસાદની સ્થિતિના બદલે ઉઘાડ પણ જોવા મળતા શહેરીજનો આનંદિત : તડકા સાથે ઝાપટાં પણ દિલ દઈને વરસ્યાં : સાંજના સમયે પૂર્વ દિશામાં મેઘધનુષ ખિલી ઉઠયું**

ગાંધીનગર, તા.૨૬
ગાંધીનગરમાં આજે વરસાદી ઝાપટાં સાથે તડકો પણ માણવા મળ્યો હતો અને છેલ્લા ત્રણેક દિવસથી સર્જાયેલા સતત વરસતા વરસાદના માહોલને બદલે થોડો ઉઘાડ પણ પ્રાપ્ત થતાં શહેરીજનોએ રાહતનો દમ લીધો હતો. જો કે આકાશમાં વાદળોની હાજરી પણ એટલી જ જોવા મળી હતી અને તે સાથે સાંજના સમયે પૂર્વ દિશામાં આકાશમાં સર્જાયેલા મનોરમ્ય મેઘધનુષે શહેરીજનોના મન મોહી લીધાં હતા.
ગત શનિવારથી શહેરમાં સતત વરસતા વરસાદની સ્થિતિ અનુભવાઈ હતી અને રવિ-સોમ દરમિયાન શહેરમાં સારો એવો વરસાદ વરસ્યો હતો. મંગળવારે પણ શહેરમાં ઝરમર વરસાદ સતત અનુભવાયો હતો. જેના કારણે નાગરિકો સૂર્યદેવના દર્શન માટે તલપાપડ બન્યા હતા. સર્વત્ર ભેજવાળા વાતાવરણની સ્થિતિ સર્જાઈ હતી. ગૃહિણીઓએ કપડાં સુકવવા માટે ઘરમાં પંખાનો સહારો લેવો પડયો હતો. જો કે બુધવારે ચિત્ર બદલાયું હતું અને સવારે ‘કોરું’ કાઢયા બાદ ઉઘાડ નીકળતા ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. જો કે દિવસ દરમિયાન વરસાદી ઝાપટાં પણ મન મૂકીને વરસ્યા હતા અને વરસાદી ઝાપટાં બાદ તુરંત તડકો પણ જોવા મળ્યો હતો. આમ ઘડીકમાં વરસાદ અને ઘડીકમાં તડકો તો કયારેક વાદળછાયું વાતાવરણ હોય તેવા જુદા જુદા અનુભવ સમગ્ર દિવસ દરમિયાન થવા પામ્યા હતા. વરસાદ અને તડકાની આ સંતાકુકડી સાથે સાંજે ઝાપટાં બાદ નીકળેલા ઉઘાડમાં પૂર્વ દિશામાં આકાશમાં મનમોહક મેઘધનુષ સર્જાયું હતું જેની નાગરિકોએ તસવીરો લઈને સોશિયલ મિડીયામાં શે’ર કરી હતી.

# પર્યાવરણના જતન માટે વિશ્વ વ્યાપી ‘પ્રકૃતિ વંદન’ કાર્યક્રમમાં પ્રકૃતિ પ્રેમી જનતાને સહભાગી થવા અનુરોધ

ગાંધીનગર, તા.૨૬
પર્યાવરણ અને પ્રકૃતિના સંરક્ષણ અને સંવર્ધનના હેતુથી ગુજરાત, ભારત અને સમગ્ર વિશ્વમાં આગામી રવિવાર તા. ૩૦ ઓગસ્ટના રોજ ‘પ્રકૃતિ વંદન’ વિશ્વ વ્યાપી કાર્યક્રમ અને વેબિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ ‘પ્રકૃતિ વંદન’ કાર્યક્રમ રવિવારે સવારે ૧૦ થી ૧૧ કલાક દરમિયાન યોજાશે.
હિન્દુ આધ્યાત્મિક અને સેવા ફાઉન્ડેશન તથા પર્યાવરણ સંરક્ષણ ગતિવિધિ દ્વારા આયોજિત વિશ્વ વ્યાપી આ ‘પ્રકૃતિ વંદન’ કાર્યક્રમમાં ઓનલાઈન જોડાવા-નોંધણી કરવા ટોલ ફ્રી નંબર ૧૮૦૦૫૭૨૨૮૨૭ ઉપર મિસ્ડ કોલ કરવાનો રહેશે. આ ઉપરાંત www.facebook.com/Hssfmp અથવા hssfgujarat.in ઉપર લાઈવ નિહાળી શકાશે. આ સિવાય https://forms.gle/F5jGDKz6SPWawnvi6 લિંક ઉપર રજીસ્ટ્રેશન કરી શકાશે.
રવિવારે સવારે ૧૦ થી ૧૧ કલાક દરમિયાન યોજાનાર કાર્યક્રમમાં પ્રકૃતિ વંદનની પ્રક્રિયા પૂર્ણ કરાશે. જેમાં આપણે ઘરે બેઠા ત્રણ વાર ઓમકારનો ઉચ્ચાર, વૃક્ષને તિલક અને અક્ષત ચડાવવા, રક્ષા સૂત્ર બાંધવું, જળ સમર્પિત કરવું, પ્રતિદિન જળ ચડાવવાનો સંકલ્પ કરવો, દીપ પ્રગટાવવો અને આરતી કરવા સાથે વૃક્ષની પાંચ વાર પરિક્રમા કરવાની રહેશે. આ પ્રકૃતિ વંદન ઈ-કાર્યક્રમમાં મોટી સંખ્યામાં પ્રકૃતિ પ્રેમી જનતાને સહભાગી થવા ગાંધીનગર નગર સંઘચાલક મનુભાઈ મોદી દ્વારા અનુરોધ કરાયો છે.

# ડેપ્યુટી મેયર નાઝાભાઈ ઘાંઘરની ઉપસ્થિતિમાં ધોળાકુવા ખાતે વૃક્ષારોપણ યોજાયું



ગાંધીનગર, તા.૨૬
ગાંધીનગરના ધોળાકુવા ખાતે મારવાડી વસાહત નજીક આજે સવારે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં શહેરના પર્યાવરણ પ્રેમી ડેપ્યુટી મેયર નાઝાભાઈ ઘાંઘર અને રાજસ્થાન સમાજ સાર્વજનિક સેવા ટ્રસ્ટના પ્રમુખ તુલસીભાઈ માલી સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.
શહેરમાં સારો વરસાદ વરસી રહ્યો છે અને આ મોસમનો લાભ પ્રકૃતિ પ્રેમીઓ વૃક્ષારોપણ થકી ઉઠાવી રહ્યા છે કેમકે શહેરમાં છેલ્લા કેટલાક વર્ષો દરમિયાન વિકાસના નામે તંત્ર દ્વારા અનેક વૃક્ષોની કટૌતી કરવામાં આવી છે. જેની ભરપાઈ બમણાં વૃક્ષોના વાવેતરથી કરવી જરુરી છે. ધોળાકુવાની મારવાડી વસાહત પાસે યોજાયેલા વૃક્ષારોપણ કાર્યક્રમમાં વૃક્ષારોપણ પ્રવૃત્તિ માટે જાણીતા ડેપ્યુટી મેયર નાઝાભાઈ ઘાંઘર, સ્થાનિક અગ્રણી મનુભાઈ ઠાકોર, રાજસ્થાન સાર્વજનિક સેવા ટ્રસ્ટના પ્રમુખ તુલસીભાઈ માલી, કાર્યાલય મંત્રી તલકારામ મારવાડી સહિત અગ્રણીઓ શકાજી મારવાડી, ગુરૂજી સનાભાઈ પરમાર, દરગાહ જેપાજી ધુખાજી, તુલાજી સોમાજી વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને વૃક્ષારોપણમાં સક્રીય ફાળો આપ્યો હતો. નાઝાભાઈ સહિત અગ્રણીઓએ નજીકના રામદેવપીરના મંદિરે દર્શન કરી આશીર્વાદ લીધા હતા.

# શહેરમાં ગુણકારી હળદરનું વેચાણ વધ્યું

ગાંધીનગર, તા.૨૬
કોરોનાની મહામારીથી બચવાનો પરમેનન્ટ ઈલાજ હજી શોધી શકાયો નથી. કોરોના થવાથી નગરજનો ભયભીત તો છે જ ત્યારે નગરજનો પોતાના સુધી કોરોના આવતા અટકે તે માટે વિવિધ નુસ્ખાઓ અપનાવે છે. નગરની સિવિલ હોસ્પિટલમાં પણ શરૂઆતના સમયમાં ઉકાળા વિતરણ કરાતું હતું અને હાલ નગરની વિવિધ સેવાભાવી સંસ્થાઓ દ્વારા પણ કોરોના માટે અકસીર એવા ઉકાળાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. જેમાં તુલસી, લવીંગ, તજ, આદુ, સૂંઠ, ગોળ, અરડૂસી, આમળા, મરી, ફુદીનો, અજમો, ઈલાયચી



સાથે ખાસ હળદરનો ઉપયોગ થાય છે. એટલે કે રસોડામાં વપરાતા તમામ મસાલા દ્વારા જ આ ઉકાળો બનાવવામાં આવે છે. જેમાં હળદર ખરી ઔષધી સાબિત થઈ છે. એટલે કે જો તમામ ચીજવસ્તુઓ ન હોય તો દરરોજ સવારે ગરમ પાણીના કોગળા અને રાત્રે સૂતા પહેલા હળદર ફાકી જવાથી અથવા તો ગરમ પાણીમાં હળદર નાંખીને પીવા સાથે નગરજનો દરરોજ હળદરવાળું દૂધ પીવાનો આગ્રહ રાખી રહ્યા છે. જેને કારણે નગરમાં કોરોના કાળ દરમિયાન હળદરનું વેચાણ લગભગ પચ્ચીસેક ટકા વધ્યું છે. લોકડાઉન વખતે જયારે નગરજનો ઘરની બહાર નીકળી નહોતા શકતા ત્યારે કોરોના સામે સેલ્ફ પ્રોટેકશન માટે દરરોજ હળદરવાળું દૂધ અને ગરમ હળદરનું પાણી જરૂરથી પીતા જે અકસીર સાબીત થયું છે તેવું અનેક નગરજનોનું કહેવું છે આ ઉપરાંત નગરના કિરણાસ્ટોરના વેપારી શકિતભાઈના જણાવ્યા અનુસાર કોરોનામાં તમામ નગરજનોએ હળદરનો ઉપયોગ કર્યો હોવાથી હાલના દિવસોમાં હળદરની ખરીદીમાં લગભગ પચ્ચીસેક ટકા જેટલો વધારો થયો છે. આ ઉપરાંત અમુક નગરજનો પોતાના રસોડાના ઉપયોગ સિવાય અઢીસો કે પાંચસો ગ્રામ હળદર અલગથી લઈ જાય છે. આ બાબત પરથી કહી શકાય કે નગરજનો હળદરનો ઉપયોગ પહેલા કરતા વધુ પ્રમાણમાં કરી રહ્યા છે.

## ● હળદરના ગુણ ●

- **હળદરમાં વિટામીન એ, પ્રોટીન, કાર્બોહાઈડ્રેટ અને ખનિજતત્વ રહેલા છે.**
- **હળદરના સેવનથી લોહી શુધ્ધ થાય છે.**
- **હળદરની તાસીર ગરમ હોવાથી પેટમાં જતા જ પેટની અંદરના બધા જ જીવાણુઓનો નાશ થાય છે.**
- **હળદરથી ઘાવ ભરાવવાની સાથે ગળાનો સોજો પણ ઉતરી જાય છે.**
- **ખાસ હાલ કોરોનાકાળમાં શરીરને ડિટોક્સ કરવામાં હળદર મદદરૂપ છે.**
- **હળદરને ગરમ પાણીમાં પીવાથી ગળાને રાહત મળે છે.**
- **હળદરવાળું દુધ પીવાથી કોઈ પણ બિમારીના સંક્રમણથી બચી શકાય છે.**
- **હળદર એન્ટી ઓકિસડન્ટનું કામ કરે છે.**

## ચિરવિદાય

- સ્વ. રબારી પ્રતિક્ષાબોન જલુભાઈ, ઉ.વ. ૬૦, પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. કુસુમબેન ધીરજલાલ દોશી, ઉ.વ. ૭૦, સેકટર-૨૨, ગાંધીનગર
- સ્વ. પંચાલ ચંદુલાલ મોહનલાલ, ઉ.વ. ૮૫, સઈજ, તા. કલોલ
- સ્વ. મકવાણા રઘાજી કચરાજી, ઉ.વ. ૬૫, બોરીયા, તા. ગાંધીનગર
- સ્વ. ઈલાબેન વિક્રમભાઈ પટેલ, ઉ.વ. ૪૯, ચિલોડા, તા. ગાંધીનગર
- સ્વ. રબારી રતનાભાઈ જેસંગભાઈ, ઉ.વ. ૫૬, સેકટર-૧૬, ગાંધીનગર